ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા દ્વારા આયોજીત

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ કોલેજોના

# સામુહિક ઈન્ટરવ્યુ-૨૦૨૬

## તા.૨૮-૦૬-૨૦૨૬ ના રોજ યોજાનાર ઈન્ટરવ્યુ સંદર્ભેની કોલેજ/ ટ્રસ્ટી/ સંચાલક મંડળ માટેની સૂચનાઓ :

૧. સામુહિક ઈન્ટરવ્યુમાં જોડાયેલ દરેક કોલેજોના ટ્રસ્ટીશ્રીને ખાસ સૂચના કે તારીખ:૨૮/૦૬/૨૦૨૬ ના રોજ ઈન્ટરવ્યુ સમયે મોડામાં મોડા સવારે ૦૮-૦૦ કલાક સુધીમાં ઈન્ટરવ્યુ સ્થળના ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ટેબલ પર રીપોર્ટીંગ કરી જે તે કોલેજની વરણી સમિતિને લગતી ફાઈલ મેળવી લેવાની રહેશે.

૨. કોલેજોના ટ્રસ્ટી મંડળને / મંડળોને એક કોલેજ દીઠ કુલ-૦૫ પાસ (એક જ ટ્રસ્ટ હેઠળની બે કૉલેજ હોય તો કુલ-૦૭ પાસ, ત્રણ કૉલેજ હોય તો કુલ-૦૯ પાસ, ચાર કૉલેજ હોય તો કુલ-૧૧ પાસ અને પાંચ કૉલેજ હોય તો કુલ-૧૩ પાસ (સવારના ચા-કોફી-નાસ્તા/ ભોજનના) ઈસ્યુ કરવામાં આવશે.

૩. સદર ભરતીમાં **Arts / Commerce / Science / PGDMLT / MSW /** જેવા અભ્યાસક્રમોમાં તજજ્ઞો ધ્વારા **UGC** ના ધારાધોરણો મુજ્બ **NET/SLET/PHD** લાયકાત ધરાવતા ઉમેદવારોની વરણી સમિતિમાં ભલામણ કરેલ હોય તેવા કિસ્સામાં ટ્રસ્ટ/ મંડળ / કોલેજ દ્વારા તેવા ઉમેદવારોની ફરજીયાત નિમણૂક કરવાની રહેશે.

૪. પ્રોફેસર / એસોસિયેટ પ્રોફેસર / આસિસ્ટન્ટ પ્રોફેસર / લાયબ્રેરીયન / પી.ટી.આઈ. ઈન્ટરવ્યુ કમિટીની પેનલમાં ટ્રસ્ટી મંડળ દ્વારા નીચે મુજબના ૩-સભ્યો ઈન્ટરવ્યુના દિવસે કોલેજ દ્વારા ઉપસ્થિત રાખવાના રહેશે.

1. Chairperson of the Governing Body of the College of his/her nominee from amongst the members of the governing body.
2. The principal of the college.
3. Head of the Department/Teacher –In charge of the subject in concerned college.

વરણી સમિતિના રીપોર્ટમાં કોલેજ દ્વારા આપવામાં આવેલ ઉપરોક્ત સભ્યશ્રીઓ નો ક્રમ: ૧,૨,૩ રહેશે અને ત્યારબાદ વરણી સમિતિના બાકીના એક્ષ્પર્ટનો ક્રમાંક રહેશે. ટ્રસ્ટી મંડળમાંથી જે-તે ઈન્ટરવ્યુમાં હાજર રહેનાર મેનેજમેન્ટ પ્રતિનિધિના નામના ઠરાવની નકલ ફરજીયાત સાથે લાવી **ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ટેબલ** પર જમા કરાવવાની રહેશે.

૫. પ્રિન્સીપાલ ઈન્ટરવ્યુ કમિટીની પેનલમાં ટ્રસ્ટી મંડળ દ્વારા નીચે મુજબના સભ્યો ઈન્ટરવ્યુના દિવસે કોલેજ દ્વારા ઉપસ્થિત રાખવાના રહેશે.

1. Chairperson of the Governing Body to be the Chairperson.
2. One members of the Governing Body of the college to be nominated by the Chairperson of whom one shall be an expert in academic administration.

વરણી સમિતિના રીપોર્ટમાં કોલેજ દ્વારા આપવામાં આવેલ ઉપરોક્ત સભ્યશ્રીઓનો ક્રમ: ૧,૨ રહેશે અને ત્યારબાદ વરણી સમિતિના બાકીના એક્ષ્પર્ટનો ક્રમાંક રહેશે. ટ્રસ્ટી મંડળમાંથી જે-તે ઈન્ટરવ્યુમાં હાજર રહેનાર મેનેજમેન્ટ પ્રતિનિધિના નામના ઠરાવની નકલ ફરજીયાત સાથે લાવી **ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ટેબલ** પર જમા કરાવવાની રહેશે.

## ❃ કોલેજ ટ્રસ્ટી / સંચાલક મંડળ માટેની ખાસ સૂચનાઓ ❃

૬. સંયુક્ત ઈન્ટરવ્યુમાં જોડાયેલ દરેક કોલેજોએ ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસાની વેબસાઈટ https://spefdeesacolleges.org/ પરથી વરણી સમિતિના અહેવાલની બે નકલ કાઢી તેમાં કોલેજનું નામ, કોલેજ કોડ, ટ્રસ્ટનું નામ, ઈન્ટરવ્યુમાં હાજર રહેનાર મેનેજમેન્ટ પ્રતિનિધિ, કોલેજના આચાર્યનું નામ, કોલેજના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ / ટીચર ઈન્ચાર્જના નામો તેમજ વિષય તજજ્ઞો અને પ્રતિનિધિઓના નામની વિગતો ભરીને સાથે લાવવાની રહેશે તેમજ વરણી સમિતિના રીપોર્ટમાં સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે સદર વિગતો ભરી મોડામાં મોડા ૦૯-૦૦ કલાક સુધીમાં જે તે વિષયના ઈન્ટરવ્યુ રૂમની બહારના રજીસ્ટ્રેશન કાઉન્ટર ટેબલ પર બે કોપી ફરજીયાત પણે જમા કરાવવાની જવાબદારી જેતે કોલેજના ટ્રસ્ટી/સંચાલક મંડળની રહેશે.

૭. ઈન્ટરવ્યુ પૂર્ણ થયા બાદ તજજ્ઞશ્રીઓ તેમજ યુનિવર્સિટી આચાર્યશ્રીઓ / પ્રતિનિધિશ્રીઓ સહી થઈ ગયા બાદ કોલેજોએ જે તે વિષયની વરણી સમિતિની કાર્યનોંધની એક નકલ જે-તે વિષયના ઈન્ટરવ્યુ રૂમની બહારના રજીસ્ટ્રેશન કાઉન્ટર ટેબલ પરથી મેળવી લેવાની રહેશે. જેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજના ટ્રસ્ટી/સંચાલક મંડળની રહેશે.

૮. ઈન્ટરવ્યું સુચારુ રીતે યોજાય તે માટે કોલેજોએ સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે. ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓની બેઠક વ્યવસ્થા **સાયન્સ કોલેજના બિલ્ડીંગ** ખાતે રહેશે.

સ્થળ: ડીસા
તારીખ: ૨૨ /૦૬/૨૦૨૬

સહી/-
આચાર્ય,
ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા